RIGHT TO INFORMATION

अपील अरजी नं.४६२ ता.१२–१२–११
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી મો.રીજવાન અબ્દુલરબ આઝાદ
સામાવાળાઃ– ઈ.ચા.ડે.કમિશ્નર (હે અને હો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સો.વે.મે.)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મો.રીજવાન અબ્દુલરબ આઝાદની તા. ૧૧–૧૧–૧૧ની અરજીથી સુરત શહેર તાપી નદીનાં કિનારે શા માટે કચરા જમાં કરવામાં આવે છે ? તે જગ્યા કચરા જમાં કરવા માટેની છે ? જો હોય તો તેની પરવાનગીની નકલો આપવામાં આવે તથા ટ્રકોમાં અને કચરાપેટીમાં ભરી મેઈન રોડથી ખુલ્લેઆમ રીતે લઈ જવામાં આવે છે તેની કોઈ પરવાનગીઓ હોય છે ? જો હોય તો તેની નકલો આપવામાં આવે, ખુલ્લેઆમ રીતે લઈ જવાતી કચરાપેટીઓ, ટ્રકો વિગેરેમાંથી દુર્ગંધથી લોકોના સ્વાસ્થ્ય ,આરોગ્યને નુકશાન થાય છે તેના માટે આરોગ્ય ખાતાએ કોઈ ધ્યાન આપ્યો છે ? કોઈ કાયદેસરની કાર્યવાહી કરેલ છે જો કરેલ હોય તો તેની નકલો આપવામાં આવે,ઉપરોકત જણાવેલ માહિતી મુજબ કચરાપેટીમાં ભરી જવાની પ્રવૃતિઓ કોના ધ્વારા કરવામાં આવે છે કોના નિયંત્રણમાં ચાલે છે તેની માહિતીની નકલો આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૨–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૬૨/૨૦૧૧–૧૨

શ્રી મો.રીજવાન અબ્દુલરબ આઝાદની તા. ૧૧–૧૧–૧૧ની અરજીથી સુરત શહેર તાપી નદીનાં કિનારે શા માટે કચરા જમાં કરવામાં આવે છે ? તે જગ્યા કચરા જમાં કરવા માટેની છે ? જો હોય તો તેની પરવાનગીની નકલો આપવામાં આવે તથા ટ્રકોમાં અને કચરાપેટીમાં ભરી મેઈન રોડથી ખુલ્લેઆમ રીતે લઈ જવામાં આવે છે તેની કોઈ પરવાનગીઓ હોય છે ? જો હોય તો તેની નકલો આપવામાં આવે,ખુલ્લેઆમ રીતે લઈ જવાતી કચરાપેટીઓ,ટ્રકો વિગેરેમાંથી દુર્ગંધથી લોકોના સ્વાસ્થ્ય ,આરોગ્યને નુકશાન થાય છે તેના માટે આરોગ્ય ખાતાએ કોઈ ધ્યાન આપ્યો છે ? કોઈ કાયદેસરની કાર્યવાહી કરેલ છે જો કરેલ હોય તો તેની નકલો આપવામાં આવે,ઉપરોકત જણાવેલ માહિતી મુજબ કચરાપેટીમાં ભરી જવાની પ્રવૃતિઓ કોના ધ્વારા કરવામાં આવે છે કોના નિયંત્રણમાં ચાલે છે તેની માહિતીની નકલો આપવા બાબતે નિયત સમય મર્યાદામાં લેખિતમાં કોઈ માહિતી કે જવાબ આપવામાં આવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૨–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૮૭ તા.૨૦–૧૨–૧૧ થી ઈ.ચા.ડે.કમિશ્નર (હે અને હો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે મળ્યા બાદ નારાજગી મુદ્દાવાર આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.પી.એચ.ડી./સો.વે.મે./આ.નં.૧૬૭૭ તા.૨૦–૧–૧૨ થી સમય અવધિ બાદ અરજદારને પાઠવેલ પ્રત્યુત્તરની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ વિગત અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૧–૧૧–૧૧ ની અરજીથી ઉપરોકત નિર્દિષ્ટ વિષય બાબત હેઠળની માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન માં કરવામાં આવેલ. જે અંગે અરજદારે નિયત સમય મર્યાદામાં લેખિતમાં કોઈ માહિતી કે જવાબ આપવામાં આવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા.૧૨–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જે બાબતે અરજદારની અરજીમાં મુદ્દા નં.(૧) સુરત શહેર તાપી નદીનાં કિનારે શા માટે કચરા જમાં કરવામાં આવે છે ? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકાના તાપી કિનારે કચરો જમા કરાવવામાં આવતો નથી. પરંતુ નોર્થઝોનના ભરીમાતા વિસ્તારમાં બનાવવામાં આવેલ કતારગામ ટ્રાન્સફર સ્ટેશન ખાતે સેન્ટ્રલઝોન અને નોર્થઝોનમાંથી એકત્રિત કરવામાં આવતો ધનકચરો હંગામી ધોરણે એકત્રિત કરવામાં આવે છે. જેના ડીસ્પોઝલ સાઈટ ખાતે નિકાલ કરવામાં આવે છે. તેવું સમય અવધિબાદ જણાવેલ. મુદ્દા નં.(૨) તે જગ્યા કચરા જમાં કરવા માટેની છે ? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી બનાવેલ ટ્રાન્સફર સ્ટેશનના કંપાઉન્ડમાં કચરો એકત્રિત કરવામાં આવે છે. જયાંથી તેને ડીસ્પોઝલ સાઈડ ખાતે નિકાલ કરવામાં આવે છે. તેવુ સમય અવધિ બાદ જણાવેલ. મુદ્દા નં.(૩) જો હોય તો તેની પરવાનગીની નકલો આપવામાં આવે જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી રેકર્ડ ઉપલબ્ધ નથી તેવુ જણાવેલ. મુદ્દા નં.(૪) ટ્રકોમાં અને કચરાપેટીમાં ભરી મેઈન રોડથી ખુલ્લેઆમ રીતે લઈ જવામાં આવે છે તેની કોઈ પરવાનગીઓ હોય છે ? જો હોય તો તેની નકલો આપવામાં આવે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી શહેરના વિવિધ ઝોન વિસ્તારોમાં મુકવામાં આવેલ કન્ટેઈનર (કચરાપેટી) મા

એકત્રિત થયેલ કચરો અને ટ્રકો ધ્વારા એકત્રિત કરવામાં આવતો કચરો જે તે આરોગ્ય વિભાગ ધ્વારા લાગત ટ્રાન્સફર સ્ટેશન ખાતે ખાલી કરવા માટે મેઈન રોડ/ અન્ય રોડ મારફતે લાવવામાં આવે ત્યારે ખુલ્લેઆમ રીતે લઈ જવામાં આવતો નથી પરંતુ કન્ટેઈનર અને ટ્રકો ઉપર સુવ્યવસ્થિત રીતે તાડપત્રી બાંધીને પરીવહન કરવામાં આવે છે. આ પ્રકારે શહેરમાંથી કચરાનો નિકાલ સુરત મહાનગરપાલિકા ના કાર્યક્ષેત્રમાં આવે છે જેને અલગ પરવાનગી લેવાની રહેતી નથી એવું અત્રે ધ્યાને છે. તેવું જણાવેલ. મુદ્દા નં.(૫) ખુલ્લેઆમ રીતે લઈ જવાતી કચરાપેટીઓ, ટ્રકો વિગેરેમાંથી દુર્ગંધથી લોકોના સ્વાસ્થ્ય ,આરોગ્યને નુકશાન થાય છે તેના માટે આરોગ્ય ખાતાએ કોઈ ધ્યાન આપ્યુ છે ? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કચરાપેટી–ટ્રકો મારફત ખુલ્લેઆમ કચરો પરિવહન કરવામાં આવતો નથી, પરંતુ ઉકત અ.નં.૪ માં જણાવ્યા મુજબ પરિવહન કરવામાં આવે છે. તેવું જણાવેલ. મુદ્દા નં.(૬) કોઈ કાયદેસરની કાર્યવાહી કરેલ છે જો કરેલ હોય તો તેની નકલો આપવામાં આવે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી અત્રે ઉપલબ્ધ નથી. તેવુ જણાવેલ. મુદ્દા નં.(૭) ઉપરોકત જણાવેલ માહિતી મુજબ કચરાપેટીમાં ભરી જવાની પ્રવૃતિઓ કોના ધ્વારા કરવામાં આવે છે કોના નિયંત્રણમાં ચાલે છે તેની માહિતીની નકલો આપવામાં આવે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કન્ટેઈનર લિફટીંગની કામગીરી જે તે ઝોનના નાયબ /આસી.આરોગ્ય અધિકારીની સીધી દેખરેખ હેઠળ કરવામાં આવે છે. તેવુ જણાવેલ. મુદ્દા નં.(૮) કચરાપેટીને સંપુર્ણ રીતે બંધ કરી કેમ લઈ જવામાં આવતી નથી? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી શહેરના વિવિધ ઝોન વિસ્તારોમાં મુકવામાં આવેલ કન્ટેઈનર (કચરાપેટી) માં એકત્રિત થયેલ કચરો લાગત ટ્રાન્ફર સ્ટેશન ખાતે ખાલી કરવા માટે લાવવામાં આવે ત્યારે તેના પર સુવ્યવસ્થિત રીતે તાડપત્રી બાંધવામાં આવે છે. તેવુ જણાવેલ. મુદ્દા નં. (૯) દુર્ગંધ અટકાવવા માટે આરોગ્ય ખાતાનાં અધિકારીઓએ કોઈપણ જાણકારી લઈ કોઈપણ કાયદેસરની કાર્યવાહી કરેલ છે? અથવા કોઈ નોટીસો કે કાયદેસરની કાર્યવાહી કરેલ છે? જો કરેલ હોય તો તેની નકલો આપવામાં આવે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ઉકત મુદ્દા નં.૫ અને ૬ મુજબ તેવુ જણાવેલ. મુદ્દા નં. (૧૦) અન્ય વિસ્તારોમાંથી ખુલ્લેઆમ રીતે ટ્રકો કચરાપેટીઓ ભરીને મેઈન રોડથી લઈ જવામાં આવે છે. તેને સંપુર્ણ રીતે બંધ કરીને કેમ લઈ જવામાં આવતી નથી. દુર્ગંધ અટકાવવા માટે આરોગ્ય ખાતાએ કોઈ પણ જાણની કાર્યવાહી કાયદેસરની કરેલ છે? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ઉકત મુદ્દા નં.૪,૫ અને ૬ મુજબ તેવુ જણાવેલ. મુદ્દા નં.(૧૧) (સીટી) શહેરમાં કચરા જમા કરવો યોગ્ય છે? તેની કોઈ પણ જાતની પરવાનગીઓ હોય છે? જો હોય તો તેની નકલો આપવામાં આવે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી શહેરના રહેણાંકો કે અન્ય યુનિટો માંથી ઉત્પન થતાં ઘનકચરાને નિયમિત ધોરણે ઉપાડીને કોઈ એક નિયત સ્થળે જમા કરી ત્યાંથી ડીસ્પોઝલ સાઈડ સુધી પરિવહન કરવાની વ્યવસ્થા શહેરના હિત માટે કરવામાં આવેલી છે. અને શહેરમાંથી ઝડપથી કચરાનાં નિકાલ માટે કોઈ એક સ્થળે કચરો જમા કરવો પડે ત્યાંથી ડીસ્પોઝલ સાઈડ પર લઈ જઈ શકાય. તેવુ જણાવેલ. મુદ્દા નં.(૧૨) આ આરટીઆઈ પહેલાં ઉપરોકત જણાવેલી માહિતી મુજબની અન્ય કોઈ વ્યકિત ધ્વારા કોઈ પણ જાતની વિગેરે અરજીઓ આવેલ હોય તો તેની નકલો આપવામાં આવે સાથે તેની પર કઈ કઈ જાતની કાયદેસરની કાર્યવાહી કરેલ છે. તેની માહિતીઓ પણ આપવામાં આવે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તેમની આ અરજી પહેલાં ઉપરોકત જણાવેલી માહિતી માટે અન્ય કોઈ વ્યકિતની અરજી અત્રેના વિભાગને મળેલ નથી. તેવુ જણાવેલ.આમ જાહેર માહિતી અધિકારી તરફથી સમય અવધિ બાદ માહિતી અરજદારને આપવામાં આવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૧–૧૧–૧૧ ની અરજીના માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પાડવામાં આવેલ હોઈ અપીલ અરજી અંગે કશું કરવાનું રહેતુ નથી. અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે. ઝાલા)<br>
ડે.કમિશ્નર (સ્પે.)<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૨–૧૨

પ્રતિ,

(૧) ઈ.ચા.ડે.કમિશ્નર (હે અને હો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સો.વે.મે.) .....જાણ તથા અમલ માટે

(૨) શ્રી મો.રીજવાન અબ્દુલરબ આઝાદ,